જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૧/૧૧/૨૦૧૭ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૩૩૭/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૮૮ કેસ કરી, ૮૩ વ્યક્તિઓને ઝડપી, ૬૧૯ લીટર દેશી દારૂ, ૫૩૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૩૦૭ બીયર ટીન અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૨૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૩૩૮/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૩૯/૧૭</u>**

**કાગડાપીઠ :** હેતલબેન વા/ઓ અશ્વિનભાઇ પટેલ(ઉ.વ.૩૪)(રહે,વિભાગ- ૨, વ્રજભુમિ સોસાયટી જેઠાભાઇ વાવની સામે, ઇસનપુર) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૦૫/૨૦૧૭ થી તા.૩૦/૦૭/૧૭ દરમ્યાન બહેરામપુરા ગણપતિ ચવાણા ની પાસે આવેલ યુનીટી ફાઉન્ડેશન ખાતે આરોપી (૧) દિપકભાઇ રમેશસિંહ રાજપુત (૨) રામસિંગ રાજપુત (૩)દેતાણી દર્મેશભાઇ (૪) ભરતભાઇ સોની (રહે.યુનીટી ફાઉન્ડેશન ગણપતિ ચવાણાની પાસે બહેરામપુરા) એ ભેગામળી હેતલબેનને વિશ્વાસમાં લઇ સિલાઇ મશીન આપવાને બદલામાં હેતલબેન પાસેથી કુલ રૂપિયા ૩,૧૮,૬૦૦/- મેળવી લઇ, સિલાઇ મશીન નહીં આપી હેતલબેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ **પો.સ.ઇ.શ્રી** વી.એલ.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૩૪૦/૧૭**

**વેજલપુર :** ખુરશીદબાનુ વા/ઓ અબ્દુલમીયા ખોખર (ઉ.વ.૪૫)(રહે,તાહીર રો-હાઉસ રસ્સીના કારખાના પાસે ફતેવાડિ) એ તા.૧૪/૧૧/૨૦૧૭ ના કલાક ૦૦/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે શરીર ઉપર કેરોસીન છાંટી આગ ચાપી લેતા, શરીરે ગંભીર રીતે દાઝી જતા, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલ દાખલ કર્યા હતા જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૧૧/૧૭ બપોરનાં ૩/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુઆ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી શૈલેશકુમાર ધીરુભાઇ ચલાવે છે.

**મેઘાણીનગર :** ગોવિદભાઇ ખુશાલભાઇ પરમાર (ઉ.વ.૪૨)(રહે.ગાયત્રી સોસાયટી, કુબેરેશ્વર મહાદેવ સામે નરોડા રોડ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૦/૧૧/૧૭ બપોરના ૦૧/૦૦ થી સાંજનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન મેઘાણીનગર હેલી પાન પાર્લર નામની પોતાની દુકાનમાં લોખંડની એંગલ સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેંન્દ્રસિહ રાયસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.